જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયરટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૪/૨૦૨૬**

વાડજઃ દેવરાજ દલાજી વણઝારા (ઉ.વ.૪૦)(રહે.મહાદેવનગર, ઔડાના મકાન, બલોલ નગર નવા વાડજ) એ તા.૧૧/૦૧/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૬ રાતના ૧૦/૦૦ થી તા.૦૮/૦૧/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન જુના વાડજ દેવસ્થ હોસ્પીટલ સામે પોતાનુ સ્વરાજ કંપનીનું ટ્રેકટર નંબર જીજે.૦૧.ડબલ્યુ.ઝેડ.૭૪૧૪ કિમત રૂપિયા ૫,૫૦,૦૦૦/– પાર્ક કરેલ હતુ. જે ટ્રેકટર કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૫/૨૦૨૬**

દાણીલીમડાઃ સંજયભાઇ રમેશભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.રામદેવ પાર્ક સોસાયટી, મહાવીર સ્કૂલ સામે, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ભલાભાઇ ચલાવે છે.

નારોલઃ શિવમ પીંકુભાઇ રાજપુત (ઉ.વ.૨૧)(રહે.નક્ષત્ર એક્ષપાયર પુજા ફાર્મની બાજુમા નારોલ) એ બીમારીથી કંટાળી જઇ તા.૧૦/૦૧/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી